| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh (City Bhaskar)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **10/03/2022** |
| **PAGE :** | **01** |

# EDIIમાં રાજ્યકક્ષાની ૫ યુનિવર્સિટીના ૨૪ પ્રોફેસર્સે આંત્રપ્રિન્યોરશિપની તાલીમ મેળવી



**સિટી લાઈફ :** ઈનોવેશનનો પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકતા સાથે વિદ્યાર્થીઓને જોડવાના ઉદ્દેશ સાથે ઈડીઆઈઆઈએ અનેક યુનિવર્સિટીઓ સાથે કામ કરી રહી છે. જે અંતગર્ત ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢની ૫ યુનિવર્સિટીના ૨૪ પ્રોફેસર માટે ઈડીઆઈઆઈ દ્વારા ૫ દિવસના નિ:શુલ્ક તાલીમ કાર્યક્રમ યોજ્યો હતો. ૭ માર્ચે શરૂ થયેલા આ કાર્યક્રમમાં EDII અમદાવાદના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ પ્રોફેસરોને સંબોધન કરતા ઉદ્યોગસાહસિકતાની તાલીમના મહત્વ પર ભાર મુકતા કહ્યું કે, 'આપણે આત્મનિર્ભર બનવા માટે ઉદ્યોગસાહસિકતાને વિદ્યાર્થી જીવન સાથે અપનાવવી પડશે. અત્યારે યુનિવર્સિટીનું નેતૃત્વ જાગૃત અને અગ્રેસર છે, જે એક સારો સંકેત છે.

ઈડીઆઈઆઈ અમદાવાદમાં પોલિસી એડવોકસી અને રિસર્ચ વિભાગના હેડ ડો. અમિત કુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓના પ્રોફેસરોને જાગૃત કરવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમનું આયોજન થયું છે. આ ૫ દિવસીય તાલીમ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશની ૪ યુનિવર્સિટી અને મધ્યપ્રદેશની ૧ યુનિવર્સિટીના એમ કુલ ૨૪ પ્રોફેસર ટ્રેનિંગ લઈ રહ્યાં છે. આ પ્રોગ્રામ EDII કેમ્પસ ખાતે ૧૧ માર્ચ સુધી ચાલશે.